INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૩-૦૭-૨૦૨૬**

- **વડોદરા અને માંજલપુરની જનતા ભાજપના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટથી ત્રસ્ત છે - શ્રી અમિત ચાવડા**
- **ભાજપના પાપે અને એમના મળતિયાઓ દ્વારા કરેલા દબાણોના લીધે માંજલપુર સહિત આખા વડોદરામાં દર વર્ષે પુર આવે અને લોકોને કરોડો રૂપિયાનું નુકશાન થાય છે - શ્રી અમિત ચાવડા**
- **માંજલપુર પેટા ચૂંટણીમાં ભ્રષ્ટાચાર સામે પ્રામાણિકતા અને આયાતી ઉમેદવાર સામે સ્થાનિક ઉમેદવારને જનતા આશીર્વાદ આપશે- શ્રી અમિત ચાવડા**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા વડોદરાની માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી માટે પક્ષના નિષ્ઠાવાન કાર્યકર, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી ભીખાભાઈ રબારીને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

આ અવસરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિત ચાવડા વડોદરાના લહેરીપુરા સ્થિત કોંગ્રેસ કાર્યાલયે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો અને હોદ્દેદારોને સંબોધિત કરી ચૂંટણી માટે સંગઠનને એકજૂટ થઈને કાર્ય કરવા હાકલ કરી હતી.

ત્યારબાદ શ્રી અમિત ચાવડા, શ્રી ભીખાભાઈ રબારી, પક્ષના આગેવાનો, પ્રભારીઓ, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં શ્રી ભીખાભાઈ રબારીએ પોતાનું ઉમેદવારીપત્ર (ચૂંટણી ફોર્મ) દાખલ કર્યું હતું.

ઉમેદવારીપત્ર દાખલ કર્યા બાદ શ્રી અમિત ચાવડા સાહેબે પ્રેસ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓને પણ સંબોધિત કરી કોંગ્રેસ પક્ષની ચૂંટણી રણનીતિ તથા જનહિતના મુદ્દાઓ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વડોદરા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ મીડિયાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ માનનીય શ્રી અમિત ચાવડાજી એ જણાવ્યું હતું કે વડોદરામાં માંજલપુરના ભાજપના ધારાસભ્ય સ્વ. યોગેશભાઈ પટેલના અચાનક નિધનને કારણે જે માંજલપુર વિધાનસભાની બેઠક ખાલી પડી, એની પેટાચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી એક નિષ્ઠાવાન, પ્રમાણિક, લોકોની વચ્ચે દિવસ-રાત રહીને વર્ષો સુધી જનસેવા કરનાર, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી, અમારા પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને ગરીબો માટે હંમેશા લડતા ગરીબોના અવાજ જેવા આદરણીય ભીખાભાઈ રબારીને ઉમેદવાર તરીકે કોંગ્રેસ પાર્ટીએ પસંદ કર્યા છે.

એના માટે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય શ્રી મલ્લિકાર્જુન ખરગે સાહેબ, કોંગ્રેસના નેતા એન્ડ લોકસભા વિરોધપક્ષના નેતા આદરણીય શ્રી રાહુલ ગાંધીજી , અમારા પ્રભારી શ્રી મુકુલ વાસનિકજી, સમગ્ર નેતૃત્વનો આભાર.

આજે સમગ્ર વડોદરા અને ખાસ કરીને માંજલપુર વિધાનસભાના તમામ સમાજો, દરેક વર્ગ અને તમામ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છે. આજે અમે બધા સાથે મળીને ચૂંટણીનો પ્રારંભ કરવા જઈ રહ્યા છીએ.

માંજલપુરની આ ચૂંટણી માત્ર માંજલપુર વિધાનસભાની ચૂંટણી નથી. વડોદરા શહેરમાં ભાજપની ટ્રિપલ એન્જિન સરકાર છે. એનો જે ભ્રષ્ટાચાર છે, ગેરવહીવટ છે, સત્તાના જોરે લોકોનો અવાજ દબાવવાનો પ્રયત્ન થાય છે; દર વર્ષે વિશ્વામિત્રી નદીમાં માનવસર્જિત—ભાજપના ભ્રષ્ટાચારથી સર્જાતા—પૂર આવે છે અને લોકોને હેરાનગતિ થાય છે, માલમિલકતનું નુકસાન થાય છે.ભ્રષ્ટાચારના અનેકો મુદ્દાઓ છે, મોંઘવારીના મુદ્દાઓ છે, રોજગારી અને શિક્ષણના પ્રશ્નો છે. આ બધા મુદ્દાઓ પર માંજલપુર વિધાનસભાની ચૂંટણી લડાશે.

અમે એક-એક ઘર સુધી જઈશું, એક-એક મતદારને મળીશું. વડોદરાવાસીઓ આખા ગુજરાત અને દેશને આવનારા સમય માટે એક મજબૂત સંદેશ આપશે કે માંજલપુરની બેઠક પર કોંગ્રેસને આશીર્વાદ આપીને ભારતીય જનતા પાર્ટીના જે પ્રશાસન છે, તેને 2027માં વિદાય આપવાનો સંદેશ માંજલપુર વિધાનસભાના મતદારો આપશે.

ઉમેદવારીપત્ર દાખલ કરવાના આ કાર્યક્રમમાં વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી ઋત્વિજ જોષી, વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી જસપાલસિંહ પઢિયાર , પૂર્વ વિપક્ષના નેતા, શહેરના તમામ કોંગ્રેસ કોર્પોરેટરશ્રીઓ, શહેર અને જિલ્લાના હોદ્દેદારો, એનએસયુઆઈ, મહિલા કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ તમામ ફ્રન્ટલ સેલના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારો તથા આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત વડોદરા શહેર કોંગ્રેસના પ્રભારી શ્રી બિમલ શાહ, વડોદરા જિલ્લા કોંગ્રેસના પ્રભારી શ્રી સંદીપ માંગરોળા, માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી માટે કોંગ્રેસના પ્રભારી શ્રી નઇમ બેગ મિર્ઝા તથા શ્રીમતી પ્રગતિબેન આહીર, પ્રદેશના હોદ્દેદારો પણ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને શ્રી ભીખાભાઈ રબારીના ઉમેદવારીપત્ર દાખલ કરવાના પ્રસંગે પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી..

NK Raval

નિશાંત રાવલ
પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
M : 8347040002